

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

*કદી, ચીન કે પાકિસ્તાનમાં પણ જન્મે છે,*
*કદીક નેતાઓના મનમાં પણ જન્મે છે.*
*જન્મે જનમાનસના આચરણમાં પણ -*
*એવું નથી કે રાવણ લંકામાં જ જન્મે છે!!*
*(ઠેર ઠેર જન્મતા રાવણો...)*

**હાઈકુ**

*છે છુપાયેલો -*
*આપણા વિચારોમાં -*
*શોધો ને બાળો !!*

*કરો દહન -*
*દંભ-અહંકારનું -*
*મરે રાવણ...*

*(આપણા મન-વચન-કર્મમાં રહેલા રાવણનું દહન કરો)*

## ચિંતન

*ભ્રાન્તિમાત્રં ઈદં વિશ્વં ન કિંચિત્ ઈતિ નિશ્ચયિ ।*
*નિર્વાસનઃ સ્ફૂર્તિમાત્રો ન કિંચિત્ ઈવ શામ્યતિ ॥*

ઉપરોક્ત શ્લોક માંડુક્ય ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

આ વિશ્વ ભ્રાન્તિમાત્ર છે, બીજું કાંઈ જ નથી, એમ નિશ્ચયપૂર્વક જાણનાર વાસના વિનાનો અને ચૈતન્યસ્વરુપ પુરુષ, જાણે કાંઈ છે જ નહીં એમ શાંત બની જાય છે.

વિશ્વ છે ત્યાં સુધી વાસના પણ છે, પરંતુ જયાં ખાતરી થઈ જાય છે કે વિશ્વ છે જ નહીં, તો પછી શેની ઈચ્છા રહે ? કોની ઈચ્છા રહે ? આવો જ્ઞાનસ્વરુપ થયેલા પુરુષ, જાણે કાંઈ છે જ નહીં, એવા ભાવથી, શાંત જ બની જાય છે, કારણ કે પછી અશાંતિનું પણ કોઈ જ કારણ રહેતું નથી.

વિશ્વ તો જેમ છે એમ જ છે, એમનું એમ જ રહે છે, પરંતુ તેને ભ્રાંતિ માનનાર વ્યક્તિને કે પછી કોઈ ઉધામા રહેતા નથી, એ શાંત રહે છે, સ્વચ્છ રહે છે, સમત્વ જાળવે છે. દષ્ટિ એવી સૃષ્ટિ પછી રહેતી નથી. પછી તો જેવી સૃષ્ટિ છે એવી જ દષ્ટિ પણ બની રહે છે.

## સુવિચાર

- જયાં કઈ પણ એટીકેટ છે ત્યાં મોક્ષ ધર્મ નથી અગર ધર્મેય નથી. ધર્મ તો સાહજકિતામાં છે - **ઓશો**
- અવિનાશી ચીજમાં સુખ માનવું, એનું નામ સમક્તિ - **દાદા ભગવાન**
- પ્રેમ સ્વરુપ થશો ત્યારે લોકો તમારું સાંભળશે, 'પ્રેમ સ્વરુપ' કયારે થવાય ? કાયદાના ખોળો ત્યારે, જગતમાં કોઈના ય દોષ ન જુઓ ત્યારે પ્રેમસ્વરુપ થવાશે - **બ્રહ્મનાદ**
- જીવનની સહજતા ઉપરત આદર્શોના નામે આકરા પ્રહારો કરે એવા કોઈ ધર્મગુરુ કે ઉપદેશકમાં મને જરા જેટલો વિશ્વાસ નથી - **ગુણવંત શાહ**
- દુઝણી ભેંસની લાત ખાવી પરવડે - **ગુજરાતી કહેવત**
- જો આપણી ઈચ્છાશક્તિ અશુદ્ધ અને કમજોર હશે તો આપણી માનસિક શક્તિનું કામ પણ એનું જ હશે - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : દાદર, અને ખંજવાળ માટે કેળાને પીસીને તેની પેસ્ટ લગાવવાથી રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

સંત સરયુદાસ પાસે ગૃહસ્થો એ વિનંતી કરી કે અમારે સાધુ બાવાઓનો ભંડારો કરવો છે. આપ પણ આવજો. સરયુદાસે કહ્યું, 'હું જમવા આવીશ તમે ભંડારો કરજો.' ભારે ઠાઠમાઠથી ભંડારો થયો. કંસાર બનાવ્યો. અને એમાં ઘણું બધું ઘી પણ પિરસાયું. સરયુદાસ જમવા આવ્યા અને પૂછ્યું, 'શેનું જમણ છે?' યજમાને ગર્વથી કહ્યું, 'કંસારનું' સરયુદાસે એક ગૃહસ્થ ભગતને કાનમાં કહ્યું, 'હું કંસાર નહીં જમું મારા માટે બે બાજરીના રોટલા બનાવી આપો.' સરયુદાસ સૌ સાધુની સાથે જ જમવા બેઠા. સૌને કંસાર અને ઘી પિરસાયો. પણ સરયુદાસે તો બાજરીના રોટલા અને દાળ જ જમવામાં લીધા. જમી લીધા પછી એક ભગતે પૂછ્યું. 'મહારાજ કંસાર ન જમવાનું કારણ ? કંઈ અમારો વાંક ગુનો ?' સરયુદાસે કહ્યું, 'એક સ્વચ્છ અરીસો, કંસાર અને એક બાજરીનો રોટલો લાવો. એટલે સમજાવું.' બધુ હાજર થયું. સરયુદાસે કંસાર લઈ અરીસા પર ઘસ્યો, અરીસો મેલો થઈ ગયો. પછી તેના પર બાજરીના રોટલાનો ભૂકો કરીને એના પર ઘસ્યો. તરત જ અરીસો ચોખ્ખો થઈ ગયો.' યજમાને પૂછ્યું, 'આનો અર્થ સમજાવો ?' સરયુદાસે કહ્યું, 'સાધુનું દિલ એટલે એ અરીસો. એ સ્વચ્છ હશે તો તેમાં એણાં આત્માનું પ્રતિબિંબ જોઈ શકાય હવે જો સાધુને કંસાર જમાડવામાં આવે તો મન મેલું થઈ જાય, પણ જો બાજરીનો રોટલો આપવામાં આવે તો અરીસાની જેમ એમનું હૃદય ઊજળું રહે, માટે સાધુનો ખોરાક એટલે કંસાર નહીં, બાજરીનો સાદો રોટલો જ.'

# ભારત સંપૂર્ણપણે મહાભારત માટે સજ્જ

**તંત્રીસ્થાનેથી...**

જયારે જમ્મુ અને કાશ્મીરના વિશેષ દરજ્જા વાળી કલમ ૩૭૦ રદ કરવાનો મોદી સરકારે નિર્ણય કર્યો હશે ત્યારે એમને પણ ખબર તો હશે જ કે પાડોશી ઈસ્લામિક દેશ એની સામે થઈ શકે એટલા બખાળા કાઢશે. એની સીધેસીધી હેસિયત બાથ ભીડવાની હેસિયત નથી એટલે વર્ષોથી એ ભારત વિરુદ્ધ આતંકવાદીઓની પીઠ પાછળ રહી પ્રોક્સીવૉર લડતું રહ્યું છે. ચીનના વ્યૂહાત્મક સંબંધોને વટાવીને એ મનોમન મલકાતું રહે છે. જરૂર પડશે ત્યારે ચીન પોતાની વહારે ધાવાનું જ છે - એની પાકિસ્તાનને ગળા સુધી ખાતરી છે. ચીને એની ખાતરી પણ આપ્યે રાખી છે. દાખલા તરીકે મસૂદ અઝહરને આતંકવાદી જાહેર કરવા આખી દુનિયા એક અવાજે ભારત સાથે હતી છતાં ચીન પુરાવા માંગતું હતું ! જમ્મુ અને કાશ્મીર અંગેના નિર્ણય ભારતની આંતરિક બાબત હોવા છતાં ચીન આખરે પાકિસ્તાનની વકીલાત કરવાનું ના જ ચૂક્યું. આ બધી પરિસ્થિતિથી વર્તમાન કેન્દ્ર સરકાર પૂર્ણપણે વાકેફ છે અને છતાં મોદી શી જિંગ પિંગ સાથે ચેન્નાઈ અને મલ્લાપુરમમાં ગોઠડી માંડે છે. બરાબર એ જ સમયે અરુણાચલ પ્રદેશ કે જે ચીન દક્ષિણ તિબેટનો હિસ્સો ગણાવી પોતાના નકશામાં દર્શાવતું રહે છે ત્યાં ભારતીય સેનાની કવાયત ચાલી રહી છે. અગાઉ ભૂતાન સીમા પાસે ડોકલામમાં બે દેશોના સૈનિકો સામસામા આવી ગયા હતા છતાં કોઈએ ગોળી નહોતી ચોડી. ચીન ઘણું શાણું છે. ઈસ્લામિક દેશો જેનું ઉતાવળિયું નથી. એથી પાકિસ્તાન છાશવારે ભારત સામે અણુયુદ્ધની ધમકી ઉચ્ચારે છે ત્યારે પણ એ ખુંધું હસીને પાકિસ્તાનની નાદાનિયતની મજાક જ ઉડાવે છે. અણુશસ્ત્રો તો ભારત પાસે પણ છે અને ચીન પાસે તો અઢળક ખજાનો છે. દુનિયાનું સૌથી મોટું સૈન્ય ચીન પાસે છે. અમેરિકાને એ પોતાની સૈનિક શક્તિથી ભારે પડી શકે એમ છે. આવી વિશિષ્ટ અને વિસ્ફોટક સ્થિતિમાં પણ ભારત અને ચીનના વડાઓ બહુ જ અંગત રીતે કલાકો સુધી મોજમજા કરી શકે છે તે શું સૂચવે છે? ચીનને પણ એટલી ખબર તો છે કે ભારત હવે પંડિત નહેરુનું ભારત નથી રહ્યું જે પંચશીલના સિદ્ધાંતો અને ગાંધીજીની અહિંસાનો સંદેશ લઈને ફરતું રહે. ભારત હવે નરેન્દ્ર મોદી અને અમિત શાહ જેવા મુત્સદ્દી રાજનેતાઓના શાસન હેઠળ છે. જેમને ગાંધી જેટલી જ ભગતસિંહ પ્રત્યે પણ શ્રદ્ધા છે. ભારતે અબજોના ખર્ચે અને વિપક્ષોના અનેક જાતના આક્ષેપો તથા વાંધાવચકાઓ વચ્ચે ફ્રાંસનું આધુનિક રાફેલ યુદ્ધક વિમાન હસ્તગત કરી લીધું છે. આવાં વિમાનો ચીન માટે પણ ચેતવણી સમાં છે. સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ હવે તો વિજયાદશમીની શસ્ત્રપૂજા પેરિસમાં સંપન્ન કરવાના છે અને પહેલું રાફેલ લઈને વિજેતાના મૂડમાં ભારત પાછા ફરવાના છે. ભારત સંભવિત મહાભારત માટે હવે સંપૂર્ણપણે સજ્જન છે.

# અકારણ સહાયનો આનંદ



**અજવાળું - અજવાળું**
તુષાર જોશી

'ખુબ સરસ અને સાચી વાત' અંજલીએ પોતાના મેસેજ બોક્સમાં લખ્યું ને સાથે સ્માઈલી પણ મૂક્યું. એકાદ કલાક કરવાના જરૂરી કામો પુરા કરીને અભિષેકે તેને ફોન કર્યો ને હસતા હસતા કહ્યું, 'દોસ્ત, તેં લખ્યું એ તો સાચું છે જ પણ, મારે તો આ શબ્દો જીવવાની કોશિશ કરવી છે!'... વાત શું હતી ?

વોટ્સએપ - ફેસબુક ને અન્ય સોશિયલ મીડિયાના માધ્યમો દ્વારા માણસ વર્ચ્યુઅલ વિશ્વમાં જીવતો થયો છે. વિનામૂલ્યે વિશ્વમાં જીવતો થયો છે. વિનામૂલ્યે દૂર-દેશાવરથી લાઈવ વીડિયો ચેટ અને સંદેશાઓની આપ-લે શક્ય બની છે એટલે સ્વાભાકિ રીતે હકારાત્મક જીવનશૈલી માટે પ્રેરક સૂત્રો પણ વહેલી સવારથી ફોનમાં પ્રગટવા માંડે. આવું જ એક સરસ ફોર્વર્ડેડ મેસેજનું સ્વરુપ જેમાં ઓશોના પ્રેમ વિશેના વિચારો હતા તે આ રહ્યા..

પ્રેમ દાતા હૈ... પ્રેમ પરમાત્મા હૈ,
પ્રેમ પ્રસાદ હૈ, પ્રેમ જાદુ હૈ,
પ્રેમ ચમત્કાર હૈ... પ્રેમ ગૌરવ હૈ
પ્રેમ અકારણ ભાવ દશા હૈ...

આ વિચાર અભિષેકે થોડા મિત્રોમાં ફોરવર્ડ કર્યો હતો, અને એના જવાબ રૂપે અંદલી સાથે એને લેખના આરંભે લખેલો સંવાદ થયો હતો.

કટ ટુ શોટ... પછી એને પોતાને જ વિચાર આવ્યો કે નાની નાની ઘટનાઓ આપણા જીવનમાં રોજ બનતી જ હોય છે જેમાં આપણે કોઈના માટે પ્રેમપૂર્ણ જગતનું નિર્માણ બે-ત્રણ દિવસમાં અનેકવાર આવી ઘટનાઓ જીવવા મળી...

એના મમ્મીએ કહ્યું, 'બેટા, આપણી દીકરીની સાઈકલ ચારેક વર્ષ પહેલા લીધી હતી... બે વર્ષોથી કોઈ હવે વાપરતું નથી. ફલેટમાં નકામી પડી રહે છે... કોઈ પરિચિત છે... એમની દીકરાને નવી લેવાની છે... આર્થિક સ્થિતિ બહુ સારી નથી એટલે... અને માની વાતને વચ્ચેથી જ માનભેર અટકાવીને તેણે કહ્યું, 'મા, આજે તમે બહુ સરસ વાત કરી, આપણે એ સાઈકલ સાફ કરાવીએ, રીપેર કરાવીએ અને દિવાળીની ભેટ રૂપે એ છોકરાને આપી દઈએ... એ વાપરશે તો આપણને આનંદ થશે...'

બીજી ઘટના.... નવરાત્રીનો બીજો દિવસ... સાંજે સાઠા છ આસપાસ એ ગરબાના કાર્યક્રમમાં જવા માટે નીકળ્યો... ગરબાના સ્થળ પર પહોંચતા સુધીમાં તો પૂરા શહેરના અનરાધાર વરસાદ - વીજળીના કડાકા - ભડાકા અને જોરદાર પવનનું વાતાવરણ છવાઈ ગયું હતું. ખુલ્લા મેદાનમાં પાર્ક કરેલી કારમાં એણે અનુભવ્યું કે આખી કાર જાણે પવનમાં ડાન્સ કરી રહી છે. માતાજીના સ્વરુપની પ્રતિષ્ઠા એક રૂમમાં પણ હતી, ત્યાં આરતી કરી - પ્રસાદ લઈ ઘરે પરત જવાનું હતું કારણ કે ગરબા તો થવાના જ ન હતા. ત્યાં એનું ધ્યાન પડ્યું કે બે મોટી ઉંમરના પૂજારીઓ હતા તેમના માટે તેમનો દીકરો ટેક્સી કે રીક્ષા શોધવાનો પ્રયત્ન કરતો હતો પણ કાંઈ મેળ પડતો ન હતો. અભિષેકે વડિલને માનભેર પૂછ્યું 'તમે કયાં જવાના ?' તેમણે કહ્યું તમે કયાં જવાના ? બંને સ્થળ વચ્ચે ૮/૧૦ કિલોમીટરનું અંતર હતું. એમાં વરસાદ ને ટ્રાફિક ... પણ પેલી વાત યાદ આવી કે આ તો જીવવું જોઈએ... બંનેને કારમાં બેસાડ્યા.. વાતો કરતા કરતા એમના ઘરે ઊતારી ને પછી એ આનંદની અનુભૂતિ સાથે પોતાના ઘરે ગયો...

ઘટના ત્રીજી... સોસાયટીમાં એ પ્રવેશ્યો ને ખરા બપોરે, ભાદરવાના તાપમાં એણે જોયું કે એના પડોશી એક માતા જેની ઉંમર સાંઈઠ આસપાસની... ઘરે રસોઈ બનાવીને ઘરે પહોંચાડવાનું કામ કરે, આમ તો દીકરો - વહુ બધુ સંભાળે - આજે એ કયાંક આવા જ કામે બીજે ગયા હશે તે વજનદાર બે થેલા લઈને પોતાના ઘરના ટાવરમાંથી ત્રણ-ચાર મીનીટદૂર આવેલા બ્લોકમાં ઊંચકીને જતા હતા, અભિષેકે જોયું કે એમને મુશ્કેલી પડતી હતી વજન ઊંચકવામાં એ દોડીને તરત ગયો... પેલા ના ના કરતા રહ્યા. બંને હાથે મદદ કરીને હસતા હસતા જવાં સામાન પહોંચાડવાનો હતો ત્યાં સુધી એ પહોંચાડી આવ્યો...

આવી બે-ત્રણ ઘટનાઓ એના જીવનમાં આવી જેમાં એ પ્રેમ વિશે ઉદારતા વિશે - કોઈને મદદ કરવા વિશે કોઈની પડખે રહેવામાં થોડો વધુ જાગૃત થયો થોડો વધુ ઉત્સાહિત થયો, થોડો વધુ જાણે લાભ પામતો થયો હોય એમ કર્મ કરતો થયો.

સરવાળે થયું એવું કે એના પોતાના જ વધુ ઊર્જા - ઉલ્લાસને આનંદ પ્રગટતા એણે અનુભવ્યા.

કોઈને પ્રેમ કર્યો - અકારણ - હેતુ વિહિન - કોઈને મદદ કરી અને એ ક્ષણો જાણે સાર્થક થતી લાગી.

આપણી આસપાસ પણ રોજે રોજ આવી નાની નાની ઘટનાઓ બનતી જ હોય છે. જેમાં આપણે પ્રેમ માર્ગે ચાલીને - માનવધર્મ બજાવીને ક્ષણોને અને એ રીતે જીવનને સાર્થક કરવાનો અનુભવ પામી શકીએ છીએ. આવું જયારે જયારે કરીએ ત્યારે ત્યારે સાર્થકતના અજવાળા રેલાય છે.

# ચાલો, આડા દિવસે અમસ્તા જ કોઈ પ્રસંગ વગર જ ગાંધીજીને યાદ કરીએ



**મધરાત વીત્યા પછી**
**શહેરનાં પાંચ પૂતળાં**
**એક ચોતરા પર બેઠાં**
**અને આંસુ સારવા લાગ્યાં.**
**જ્યોતિબા બોલ્યા,**
**છેવટે હું થયો**
**ફક્ત માળીનો.**
**શિવાજીરાજા બોલ્યા,**
**હું ફક્ત મરાઠાનો.**
**આંબેડકર બોલ્યા,**
**હું ફક્ત બૌદ્ધોનો.**
**ટિળક ઉદગર્યા**
**હું તો ફક્ત ચિત્પાવન બ્રાહ્મણોનો.**
**ગાંધીએ ગળાનો ડૂમો સંભાળી લીધો**
**અને તે બોલ્યા,**
**તોયે તમે નસીબદાર**
**એક એક જાતજમાત તો**
**તમારી પાછળ છે.**
**મારી પાછળ તો**
**ફક્ત સરકારી કચેરીની દીવાલો.**
*- વિ.વા. શિરવાડકર "કુસુમાગ્રજ"*

ગાંધીજીને યાદ કરવા માટે આમ તો કોઈ પ્રસંગની આવશ્યકતા હોવી ન જ જોઈએ. અને માટે જ ઈરાદાપૂર્વક આજે આડા દિવસે તેમને યાદ કર્યા છે.. ગાંધીજી વિશે આપણે ત્યાં વિપુલ પ્રમાણમાં સાહિત્ય ઉપલબ્ધ છે. ઘણા સ્મારકો, અઢળક સંગ્રહાલયો, આશ્રમો તેમની કથા,તેમના વિચાર જણાવવા માટે છે જ. પણ તોયે આપણે રૂઢિગત વાતોથી ખરેખર તેમને ક્યાં પામી શક્યા છીએ!!! કોઈ માત્ર પોતડી પહેરીને અને હાથમાં લાકડી લઈને આવી સાવ સત્યાગ્રહ, ઉપવાસ અને પગપાળા ચાલી ચાલીને મીઠું ઉચકવા જેવા સાદા સરળ કામ કરે રાખે અને ભારત જેવા દેશને આઝાદી અપાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા આપે ભજવી હતી,તે તો અકલ્પનીય છે.

પણ ખરી વાત એ છે કે ગાંધીજી ત્યારે જેટલા પ્રસ્તુત હતા તેટલાં જ આજે પણ પ્રસ્તુત છે, કદાચ તે સમય કરતા વધુ પ્રસ્તુત અત્યારે છે.

બાપૂએ સ્વરાજની લડાઈને જનાઆંદોલન બનાવી દીધું,અને તેમનું જનઆંદોલન માત્ર અંગ્રેજ સરકાર હટાવવા માટે જ નહી પરંતુ સંપૂર્ણ વ્યવસ્થા બદલવા માટે અને સમાજનાં અંતિમ વ્યક્તિ સુધી પહોંચીને તેને જોડવા સુધીની યાત્રા હતી.

સ્વતંત્રતા પછી આપણે પોત-પોતાના નેતા પસંદ કરી લીધા. અને નવા નવા વાડા રચી દીધા.

પ્રસ્તુત કવિતામાં કવિ ખૂબ સુંદર રીતે ગાંધીજીની મનોવેદના વ્યક્ત કરે છે. જ્યારે બીજા બધા નેતા-મહાનુભાવ પોત-પોતાની વેદના વ્યક્ત કરતા કહે છે કે અમારી પાછળ તો એક એક સમાજ અથવા કોઈ ચોક્કસ વર્ગ જ છે.

અને ત્યારે ગાંધીજી બોલી ઉઠે છે કે તમારી પાછળ કોઈ ને કોઈ સમાજ કે વર્ગ તો છે..જ્યારે મારી પાછળ તો માત્ર સરકારી દિવાલો જ છે. કેવો હદય સોંસરવો સવાલ છે?

ખરેખર ગાંધીજીને તો સત્તાધારી પક્ષ કે વિપક્ષ માત્ર વટાવી દેવા માટે જ ઊપયોગ કરે છે. દયનીય સ્થિતિ છે. પણ બાપુ,તમને ખબર છે!! તમારો જન્મ દિવસ આવે એટલે બધાને ભૂત ધૂણતુ હોય તેમ તમે યાદ આવો છો.

શું ગાંધીજીના જન્મદિને રજા આવે તે જ તેમની યાદ છે?

શ્રી હરીન્દ્ર દવેની પંક્તિઓ છે ને,

''આજ બાપૂનો જન્મદિન
જ્યારથી સરકાર પાળે છે રજા ત્યારથી કેમેય ભૂલાતો નથી.''



**વિચારયાત્રા**
ડો. જય ઓઝા

નાના હતા ત્યારે સ્કૂલમાં અડધી આંખો ખુલ્લી રાખીને પરાણે તમારા નિર્વાણદિને પ્રાર્થના કરવા ઊભા રહેતા...ગુજરાતીમાં નિબંધ પુછાતો 'રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી' અને અમે પોપટિયા જ્ઞાનને કાગળ પર ઠાલવીને માર્ક લઈ આવતા. થોડા સમજણાં થયા પછી સમજાયું કે દરેક ચલણી નોટ પર તમારો ફોટો છે, ત્યારબાદ દરેક સરકારી ઓફિસોમાં તમને દિવાલો પર ટીંગાતા જોયા..અમે તમને જાણીએ છીએ,સમજતા નથી...

કારણ કે, તમારા ગયા પછી કહેવાતા ગાંધીવાદી,ખાદીવાદી, ટોપીવાદી, રેંટીયાવાદી, અને અહિંસાવાદી આ બધાએ છેલ્લે તો 'અમથાવાદ' જ ફેલાવ્યો હતો. તમારું નામ વટાવી વટાવીને નેતાઓએ છેલ્લે તો પોતાના જ ઘર ભર્યા છે.

ખાસ કરીને મોટાભાગની નવી પેઢીએ તો તમને ચાર રસ્તે લાકડી લઈને ઊભા રહેતા,ચલણી નોટો પર અને સરકારી કચેરીની દિવાલો પર બાવા-જાળાવાળી છબીઓમાં જ જોયા છે. તમે મહાન હતા અને છો, એમાં શંકાને કોઈ સ્થાન નથી. પરંતુ તમારી કેળવણી માં એવી કંઈ કચાશ રહી ગઈ કે તમારા so called અનુયાયીઓમાં મોટેભાગે દંભ જ વરતાય છે!!

એક રીતે સારું છે કે તમે રામના દરબારમાં જઈને બેઠા છો. તમને તો ખબર જ હશે કે તમારી નજર સામે જ તમને અવગણી ને પણ તે સમયે દેશની હાલત બગાડતા નેતા હતા ત્યારે તમે લાચાર હતા...તમે હતા ત્યારે તમારી બે આંખની શરમ નહી ભરનારા તમારા ગયા પછી તો છાકટા થયા છે.

દેશના દરેક ચાર રસ્તે તમને ઊભા રાખી દીધા છે, અને તે ચાર રસ્તે તમારા પૂતળા નીચે જ ટ્રાફિક નિયમ તોડનાર અને બનાવનાર વચ્ચે પતાવટ ચાલતી હોય છે.તમારા નામ પર સ્કૂલો ખૂલે છે પણ અંદર પ્રવેશ મેળવવા માટે ડોનેશન આપવું પડે છે. ન્યાયાલયમાં તમારા ફોટા મોટી મોટી ફ્રેમમાં લગાવવામાં આવે છે..પણ ત્યાં ચાલતો એક પણ કેસ પૈસાની કે જુઠ્ઠાણાની દરમિયાનગીરી વગર પતતો નથી.

તમારા નામે દેશમાં જે કાંઈ ચાલે છે તેમાં તમારા બતાવેલા સત્ય, અહિંસા અને સાદગી સિવાય બધું છે. નવી પેઢી વિશ્વાસ કરે તો ક્યાંથી કરે? એણે તો તમારા નામે ચાલતો નર્યો દંભ જ જોયો છે.

આ તો ભલુ થજો કે 'દાંડી કુટિર'' જેવું અતિ આધુનિક શૈલીનું સ્મારક બની ગયું અને તેમા 3D અને અલ્ટ્રાસાઉન્ડ તકનીકથી તમારું જીવન રસપ્રદ રીતે બતાવવાનુ શરૂ થયું છે, તો બાળકો અને યુવાઓને પણ તમારામાં રસ ઉત્પન્ન થાય છે, માત્ર પૂજ્યભાવ નહી સમજણ સાથેનો આદરભાવ પણ પ્રગટી રહ્યો છે.

ગઈ કાલે આઠમની આરતીમાં માતાજીનાં ઉત્સવમાં 'કલ્ચરલ ફોરમ'નાં ગરબામાં ૩૦૦૦૦ દિવડાથી તમારી મુખાકૃતિ તૈયાર કરીને માતાજીની ભક્તિ સાથે રાષ્ટ્રપિતાને સન્માન પણ આપવાની અવિસ્મરણીય ઘટના દર્શાવે છે કે તમને સાચા દિલથી આજની પેઢીને આનુસાંગિક દૃષ્ટિથી જોવાની જે આદત કેળવાઈ રહી છે, તે અતિ શ્લાઘનીય પ્રસંગ છે.

તમને અમારી પર ગર્વ થાય એમ અમે તમારી ૧૫૦મી જન્મશતીમાં સ્વચ્છતા અભિયાનને એવી રીતે જોડી દીધું છે કે છેલ્લા પાંચ વર્ષમાં ખરેખર સ્વચ્છાગ્રહી તો અમે બની જ શક્યા છીએ. તકિયાનૂસી રેંટિયાની ગોળ ગોળ વાતો નહીં પણ એ જ રેંટિયાની યુટિલીટિ બતાવતી વાત સમજાવીને નવા દૃષ્ટિકોણથી તમને અને તમારી કાલજયી વાતોને સમજીને સ્વીકારીશું તો એ ખરા અર્થમાં તમને હરરોજ અપાતી જન્મદિન ભેટ હશે.

jayuoza@gmail.com, Mo.9898046488

# 'મેરેથોન' માત્ર એક ખેલ નથી સમજ પડે તો જીવન ઘડતરની જડીબુટ્ટી પણ છે

'મેરેથોન' શબ્દનો અર્થ સામાન્ય રીતે લાંબુ, જટીલ અને મુશ્કેલીભર્યો ઉપક્રમ એવો થાય. ખરેખર તો મેરેથોન ગ્રીસનાં એક પ્રદેશનું નામ છે. એક એવી લોકવાયકા છે કે, મેરેથોનના સમરાંગણથી ગ્રીક દેશનો ફિડીપ્પીડસ નામના એક મેસેન્જરને એથેન્સ એવો સંદેશ લઈને મોકલવામાં આવ્યો હતો કે, 'મેરેથોનના યુદ્ધમાં પર્સિયનોનો પરાજય થયો છે.' એવું કહેવાય છે કે, મેસેન્જર ફિડીપ્પીડસ ઈસવીસન પૂર્વે ૪૯૦ના ઓગસ્ટ, સપ્ટેમ્બરમાં આ સંદેશો લઈને એક પણ જગાએ રોકાયા વગર ૨૫ માઈલ સળંગ દોડીને એથેન્સ પહોંચી 'આપણે જીત્યા' એવી બુમો પાડી ઢળી પડ્યો અને પછી મૃત્યુ પામ્યો.



મોટાભાગના મેરેથોન રનર ફિડીપ્પીડ્સની આ દંતકથા જાણતા જ હોય છે. આજે કોઈપણ જટીલ અને મુશ્કેલ કાર્ય હોય તો તેને મેરેથોન વર્ક કહે છે. કોઈ વ્યક્તિ કોઈ મહત્ત્વના સંશોધન માટે લાંબા સમયથી કાર્ય કરતો હોય તો એ સ્વાભાવિક રીતે જ એમ કહે કે 'મેરેથોન એક્સરસાઈઝ' કરી. મેરેથોન શબ્દ જ જબરજસ્ત મહેનત અને લાંબી મજલનો પર્યાય બની ગયો છે.

ચાલીસી વટાવી ગયેલા ગાંધીનગરના બે 'યુવાન' મિત્રોની જિંદગીની જિંદાદિલી મેરેથોન રનની આસપાસ વણાયેલી છે. આ બન્ને મિત્રોનો મેરેથોન પ્રેમ કાબિલે તારીફ છે. જીવનના ચાર-પાંચ દશક પછી પણ જીવનમાં જોશ સાથે કંઈક નવું કરવાનો થનગનાટ સદાકાળ યુવાની ટકાવી રાખવાની ગુરુચાવી છે. જેના પિતા સ્પોર્ટસ ટીચર હતા અને દાદા શંકરરાવ થોરાત ૧૯૬૬માં બર્લિન ઓલિમ્પિકસમાં ભારતની કુસ્તીબાજોની ટીમમાં હતા એવા રમતવીર દાદાના પૌત્ર સંજય થોરાત ૪૫ હાફ મેરેથોન દોડી આવ્યા છે. બે વર્ષ પૂર્વે સતારા હિલ હાફ મેરેથોનમાં પર્વતીય વિસ્તારની ટફ હાફ મેરેથોન રન સફળતાપૂર્વક પૂર્ણ કરતા દોડના સેંકડો રનર સાથે સંજયનુ નામ પણ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકર્ડમાં દર્જ થયું. ભાઈ સંજયે જીવનના ચાર દશક પછી નક્કી કર્યું કે મારે સ્પોર્ટ્સમાં કંઈક અલગ કરવું છે અને એણે દોડવાની શરૂઆત કરી.

ભાઈ સંજય જેવું જ બીજું એક મેરેથોન લવર વ્યક્તિત્વ છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં ગાંધીનગર શહેરમાં ઊભરી આવ્યું છે. નામ એનું જગત કારાણી. જગતભાઈને મેરેથોનનું ઘેલું ભાઈ સંજય થોરાતે જ લગાડ્યું છે. જગતભાઈએ સાડાપાંચ દાયકાનું જીવન પસાર કર્યા બાદ ૫૮ વર્ષે મેરેથોન રનમાં ભાગ લેવાનું નક્કી કર્યું. માત્ર ત્રણ વર્ષમાં આ વ્યક્તિએ ૬૨ જેટલી મેરેથોનમાં ભાગ લીધો. અને સફળતાપૂર્વક એ બધી મેરેથોન રન પૂરી કરી. જગતભાઈ માટે મેરેથોન રન જીવનનો નશો છે. ભારતમાં ક્યાંય મેરેથોન રનનું આયોજન થાય ત્યાં ભાઈ જગત જિંદાદિલીથી પહોંચી જ જાય. સંજયભાઈની જેમ જગતભાઈએ પણ સતારા હિલની મેરેથોન માટે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકર્ડમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે.

મેરેથોન રન માટે કેટલીક એવી રસપ્રદ વાતો છે કે એ જાણીને સહજ રોમાંચ પેદા થઈ જાય. મેરેથોન એ માત્ર એક ખેલ નથી, મેરેથોન વિપરીત સંજોગોમાં જીવન ઘડતર માટે ઉત્તમ શિક્ષણ આપતી જડીબુટ્ટી છે. મેરેથોનથી એથેન્સનો માર્ગ સમુદ્રી ખાડી, પર્વત અને ઉબડખાબડ જમીનવાળો લગભગ ૨૫ માઈલ લાંબો, ભયંકર, વિપરીત અને મુશ્કેલ રસ્તો છે. વર્ષ ૧૮૯૬માં જ્યારે ઓલમ્પિક્સમાં આધુનિક ઢોળ ચડવાની શરૂઆત થઈ ત્યારે આયોજકો કોઈ અદભુત અકલ્પનીય ટેલેન્ટેડ વાતને ઓલિમ્પિક્સમાં સામેલ કરવાનું વિચારતા હતા. મિશેલ બ્રેલને ૧૮૯૬ની એથેન્સની ઓલિમ્પિક્સમાં મેરેથોન દોડને સામેલ કરવાનો વિચાર આવ્યો. મિશેલના આ વિચારને ઓલિમ્પિકસ કમિટિના ફાઉન્ડર પિયર કુબટીન અને ગ્રીક નાગરિકોએ એક અવાજે વધાવી લીધો. ૨૨ માર્ચ ૧૮૯૬માં પ્રથમ મેરેથોન રેસ યોજાઈ હતી. આ રેસ ભાઈઓ માટેની જ હતી અને એને ૨ કલાક ૫૮ મિનિટ અને ૫૦ સેકન્ડમાં સાયરિડન લુઈસે જીતી લીધી હતી. એના લગભગ નવ દશક પછી એટલે કે, ૧૯૮૪માં લોસ એન્જેલસમાં યોજાયેલી ઓલિમ્પિક્સમાં મહિલાઓ માટે મેરેથોન દોડ યોજાઈ. આ મેરેથોનમાં જોન બેનોઈટ બે કલાક ૨૪ મિનિટ અને ૫૨ સેકન્ડમાં દોડીને વિજેતા બની હતી.



**આત્મનાદ**
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

ફિડીપ્પીડસની મેરેથોનથી એથેન્સ દોડના કિલોમીટર અનુસાર આ દોડનું અંતર ૨૬.૨૨ માઈલ અને હાફ મેરેથોન ૧૩ માઈલનુ નક્કી કરવામાં આવ્યું. કેલિફોર્નિયા ડેથવેલી નેશનલ પાર્ક બેડવોટર અલ્ટ્રામેરેથોન વિશ્વની અત્યંત ટફ મેરેથોન રન કહેવાય છે. ગ્રેટ બ્રિટનના ડબલ એમ્યુઈ યુન આ મેરેથોન દોડ્યા હતા. એવી જ બીજી એક ટફ મેરેથોન ડેસ સેબલ્સ છે જે સહરાના રણમાંથી પસાર થાય છે. ન્યુયોર્ક સિટીમાં યોજાતી દોડ મેરેથોન લવર્સ માટે અત્યંત પ્રતિષ્ઠિત મેરેથોન છે. વર્ષ ૧૮૯૭માં બોસ્ટનમાં યોજાયેલી મેરેથોન સૌથી પ્રાચિન છે.

મેરેથોન રનર માટે એવું કહેવાય છે કે, એમાં ભાગ લેનારા પોતાના આનંદ અને મોજ માટે દોડતા હોય છે. ઈન ફેક્ટ આ કોઈ દોડ તો છે જ નહીં, આ એલ સમુહમાં ઝડપી ચાલનો અંદાજ છે. મેરેથોન રનર્સને મન આ કોઈ સ્પર્ધા નથી. મેરેથોન દોડતા રમતવીરો નિજાનંદ માટે મેરેથોનમાં ભાગ લેતા હોય છે. એમાં હારજીતની કોઈ ગણતરી હોતી નથી. ગ્લેડિય બુરિલ ૯૨ વર્ષે ૨૦૧૦માં હોનાલુલુ મેરેથોનમાં દોડ્યા હતા. ગ્લેડિય વિશ્વના સૌથી મોટી ઉમરના મેરેથોન રનર તરીકે ઓળખાય છે. જ્યારે ભારતના ઓરિસ્સાનો ત્રણ વર્ષનો બુધિયાસિંહ સૌથી નાની વયનો મેરેથોન રનર છે. ભારતમાં યોજાતી મેરેથોન રનમાં મરાઠા કિંગડમની પૌરાણિક રાજધાની સતારામાં યોજાતી દોડ ભારતના મેરેથોન રનર્સ માટે હંમેશા આકર્ષણનું કેન્દ્ર રહી છે. ગાંધીનગરના મેરેથોન લવર સંજય થોરાત અને જગત કારાણીએ સતારા હિલ મેરેથોનમાં એકથી વધુ વખત હિસ્સો લઈને રોમાંચ તો અનુભવ્યો જ છે સાથે સાથે ગાંધીનગરને ગૌરાન્વિત પણ કર્યુ છે.

જીવનમાં કોઈ આનંદનો માર્ગ નક્કી કરવો પડે. પછી ભલે એ ખેલકૂદ હોય કે વાંચન હોય, લેખન હોય કે પ્રવાસ હોય. મેરેથોન રનર માટે હાર જીત ગૌણ છે મુળ તો સ્વયંનો આનંદ એની પાછળનો મુખ્ય આશય હોય છે. મેરેથોન રનરને આ દોડમાં આનંદની અનુભુતી થતી હોય છે. મેરેથોન રનરની જેમ નિજાનંદની મસ્તી જીવનને નવો જ ઉઘાડ આપે છે.

**ધબકાર :**
**દુનિયામાં સૌથી સ્વચ્છ અને સુંદર નદી નિજાનંદની છે, એમાં વહેવાનો આનંદ અનેરો હોય છે**